પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૬ | ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૨, શુક્રવાર; મહા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં સોમવારથી ઓફલાઈન શિક્ષણ

**કોર કમિટીની બેઠકમાં લેવાયો મહત્વપુર્ણ નિર્ણય : ઓફલાઈન શિક્ષણ માટે રાજ્યની તમામ શાળા અને કોલેજો દ્વારા કોવિડ ગાઈડલાઈન્સનું પાલન કરવું પડશે**



ગાંધીનગર, તા.૧૭

રાજ્યમાં સતત કોરોનાનાં કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, જેને પગલે હવે રાજ્ય સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલાં પ્રતિબંધો ધીમે-ધીમે ઘટાડવામાં આવી રહ્યા છે. રાજ્યમાં આજથી બે વર્ષ બાદ આંગળવાડી અને પ્રી-સ્કૂલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. હવે આ વચ્ચે મોટા સમાચાર સામે આવી રહ્યા છે.

રાજ્યમાં હવે તમામ શાળા અને કોલેજોમાં સંપૂર્ણપણે ઓફલાઈન શિક્ષણ શરૂ કરવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. કોર કમિટીમાં થયેલી ચર્ચા બાદ રાજ્ય સરકાર દ્વારા ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૨થી રાજ્યની તમામ શાળાઓ અને કોલેજો સંપૂર્ણ રીતે ઓફલાઈન કરવાનો નિર્ણય કર્યો છે. જો કે, આ માટે શાળા અને કોલેજો દ્વારા કોવિડ ગાઈડલાઈન્સનું પાલન કરવું પડશે તેવું પણ શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, શિક્ષણના વિશાળ જાહેર હિતમાં માન. મુખ્યમંત્રી @BhupendrapbjpSના માર્ગદર્શન, વિચાર વિમર્ષ અને

● અનુસંધાન પાન-૬ પર

## યુક્રેન સરહદેથી રશિયાએ દળો પાછા નથી ખેંચ્યા : અમેરિકા

**રશિયા-યુક્રેન યુદ્ધ ટળી ગયાનું લાગતું નથી : અમેરિકાનું કહેવુ છે કે, ઉલટાનુ રશિયાએ બીજા ૭૦૦૦ સૈનિકોને સરહદ પર મોકલયા છે, અગાઉ જે સૈનિકો તૈનાત હતા તે તો ત્યાં જ તૈનાત છે**





નવી દિલ્હી, તા.૧૭

રશિયા અને યુક્રેન વચ્ચેનો જંગ ટળી ગયો હોય તેમ લાગતુ નથી.રશિયાએ દાવો કર્યો હતો કે, અમારી સેના યુક્રેન સરહદ પરથી પાછી ફરી રહી છે પણ એવુ થયુ હોય તેમ લાગતુ નથી.

અમેરિકાને રશિયાની વાતનો ભરોસો નથી.અમેરિકાનુ કહેવુ છે કે, ઉલટાનુ રશિયાએ બીજા ૭000 સૈનિકોને સરહદ પર મોકલયા છે.અગાઉ જે સૈનિકો તૈનાત હતા તે તો ત્યાં જ તૈનાત છે. અમેરિકાના સંરક્ષણ સચિવ એન્ટની બ્લિંકને કહ્યુ હતુ કે, અમે રશિયન સેના પાછી ફરી રહી હોય તેવુ જોયુ નથી.સીમા તરફ જઈ રહેલા સૈનિકો અમે જોયા છે પણ પાછા ફરી રહેલા સૈનિકો જોયા નથી.

દરમિયાન અમેરિકન સ્પેસ કંપનીની સેટેલાઈટ તસવીરોમાં પણ દેખાઈ રહ્યુ છે કે, સરહદ પર રશિયાની તૈનાતી ઓછી નથી થઈ.ઉલટાનુ રશિયાએ બેલારુસ-યુક્રેન બોર્ડરથી માત્ર ૬ કિમી દુર નદી પર એક પુલ પણ બનાવી લીધો છે.આમ યુક્રેનમાં પ્રવેશવા માટે રશિયાને આ રસ્તે બહુ ઓછો સમય લાગે તેમ છે. ૧૫ ફેબ્રુઆરીની સેટેલાઈટ તસવીરોમાં રશિયન સૈનિકો તો નથી દેખાતા પણ લડાકુ હેલિકોપ્ટરો દેખાય છે.આ તસવીરો બેલારુસના વિસ્તારની છે.

૧૬ ફેબ્રુઆરીની સેટેલાઈટ તસવીરોમાં બોર્ડર વિસ્તારમાં સૈનિકોની તૈનાતીની સાથે સાથે બખ્તરબંધ વાહનો તેમજ ગન્સ નજરે પડી છે. અમેરિકા અને બ્રિટને ચિંતા વ્યક્ત કરી છે કે, રશિયન સેના યુક્રેનની સીમાથી દુર જવાની જગ્યાએ વધારે નજીક આવી રહી છે.

## મોદી ભૂલો સ્વિકારે : મનમોહનસિંહ



નવી દિલ્હી, તા.૧૭

પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલા પૂર્વ પીએમ મનમોહનસિંહે પંજાબની શકો છો કે દેશમાં ધનિક લોકો વધારે ધનિક અને ગરીબ લોકો વધારે ગરીબ બની રહ્યા છે.

ડો.મનમોહનસિંહે કહ્યુ હતુ પહેલા પીએમ નહેરુને જવાબદાર ઠેરવી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે, કેન્દ્ર સરકારે સમજવાની જરુર છે કે, પોતાનો ચહેરો બદલી લેવાથી

**નહેરુને જવાબદાર ઠેરવવાનું બંધ કરે : સરકારની નીતિઓના કારણે કોરોનાકાળમાં મોંઘવારી અને બેકારી વધી રહી હોવાનો પૂર્વ વડાપ્રધાનનો આક્ષેપ**

જનતાના નામે એક વિડિયો સંદેશ પાઠવ્યો છે. તેમણએ કહ્યુ હતુ કે, લોકોને મારા સારા કામ હજી યાદ છે. ભાજપે પીએમ મોદીની સુરક્ષાના નામે પંજાબની જનતાનુ અપમાન કર્યુ છે. આજે તમે જોઈ કે, આજે સ્થિતિ ચિંતાજનક છે. કારણકે સરકારની નીતિઓના કારણે દેશમાં કોરોનાકાળમાં મોંઘવારી અને બેકારી વધી રહી છે. પીએમ મોદી પોતાની ભૂલો સ્વીકારવાની જગ્યાએ દેશના પરિસ્થિતિ નથી બદલાવાની. જે સત્ય છે તે કોઈ પણ સંજોગોમાં સામે આવી જશે. મોટી મોટી વાતો કરવી સહેલી છે પણ તેનો અમલ કરવો બહુ મુશ્કેલ કામ છે.

● અનુસંધાન પાન-૬ પર

## ક્રિપ્ટોને પહેલાથી જ બેન કરી દેવાની જરૂર હતી : ચાર્લી મુંગેર

નવી દિલ્હી, તા.૧૭

ભારતમાં ક્રિપ્ટો કરન્સીને માન્યતા આપવી કે નહીં તે વિવાદનો મુદ્દો બન્યો છે. સરકારે બજેટમાં ક્રિપ્ટોની આવક પર ૩૦ ટકા ટેક્સ ઝીંક્યો છે, પરંતુ ક્રિપ્ટો કરન્સીને માન્યતા નથી આપી. એટલું જ નહીં, નાણામંત્રી નિર્મલા સીતારમણે ચોખ્ખું કહી દીધું છે કે ક્રિપ્ટોને લિગલ માન્યતા અપાઈ નથી. આવામાં વિશ્વના જાણીતા રોકાણકાર વોરેન બફેટના પાર્ટનરે પણ એક મહત્ત્વની વાત કરી છે. લાંબા સમય સુધી બફેટના બિઝનેસ પાર્ટનર રહેલા ચાર્લી મુંગરએ જણાવ્યું કે ક્રિપ્ટો કરન્સીને પહેલેથી જ બેન કરી દેવાની જરૂર હતી. મુંગર ક્રિપ્ટો કરન્સીને માન્યતા આપવાની વિરુદ્ધ છે.

તેમણે એવું પણ કહ્યું કે અમેરિકા અને ચીન વચ્ચે વધી રહેલો તણાવ સ્ટુપિડ છે. તેમણે ક્રિપ્ટો કરન્સી પ્રત્યે પણ પોતાનો તિરસ્કાર દર્શાવ્યો હતો.

મુંગરની વય અત્યારે ૯૮ વર્ષ છે. તેમણે ગઈકાલે બે કલાક સુધી અખબારો સાથે મિટિંગ કરી હતી અને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેઓ વોરેન બફેટની બર્કશાયર હેથવેમાં ૧૯૭૮થી વાઈસ ચેરમેન હતા અને આ હોદ્દાના કારણે જ વિખ્યાત હતા.

● અનુસંધાન પાન-૬ પર

## કુશીનગરમાં લગ્ન પ્રસંગ માતમમાં ફેરવાયો

**પીઠી ચોળવાની તૈયારી કરી રહેલી મહિલાઓ કૂવામાં પડી, ૧૩નાં મોત : મૃત્યુઆંક વધવાની શક્યતા : મહિલાઓ અને બાળકીઓ કૂવા પર બનેલા ચબૂતરા પર બેઠા હતા, અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કૂવાનો ચબૂતરો મજબૂત નહોતો માટે તૂટી ગયો**

કુશીનગર,તા.૧૬

ઉત્તરપ્રદેશના કુશીનગરમાં નૌરંગિયા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. થોડી વાર પહેલા જ્યાં ખુશીનો માહોલ હતો, લોકો ઉજવણી કરી રહ્યા હતા, ત્યાં હવે હૈયાફાટ રૂદન થઈ રહ્યા છે. લગ્નની એક વિધિ ધરમિયાન હસતા-રમતા ૩૦ લોકો કૂવામાં સમાઈ ગયા. કોઈને સમજ નથી પડતી કે આખરે થઈ શું ગયું. દોઢ કલાક પછી જ્યારે તેમને બહાર નીકાળવામાં આવ્યા તો ૧૧ બાળકો સહિત ૧૩ લોકોએ જીવ ગુમાવી દીધા હતા. દુર્ઘટના તે સમયે થઈ જ્યારે પીઠીને લગતી એક વિધિ મટકોડવા માટે મહિલાઓ અને યુવતીઓ કૂવા પર પહોંચી હતી. પોલીસ દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, નૌરંગિયા ગામ પંચાયતની શાળા પાસે બુધવારની રાતે લગભગ ૯ વાગ્યે એક માંગલિક કાર્યક્રમમાં કૂવાના પૂજનની વિધિ માટે મહિલાઓ અને બાળકીઓ ભેગી થઈ હતી. કૂવો પાણીથી ભરેલો હતો અને ભીડ પણ વધારે હતી. મહિલાઓ અને બાળકીઓ કૂવા પર બનેલા ચબૂતરા પર બેઠા હતા. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કૂવાનો ચબૂતરો મજબૂત નહોતો માટે તૂટી ગયો અને આ દુર્ઘટના

● અનુસંધાન પાન-૬ પર



## હું મારા ભગવા કપડાં બીજા ઉપર થોપતો નથી : યોગી

**શું તમને લાગે છે કે મુસ્લિમ મહિલાઓ ત્રિપલ તલાકને પોતાની મરજીથી સ્વીકારી લે છે : યોગીનો સવાલ**

નવી દિલ્હી, તા.૧૭

કર્ણાટકથી શરુ થયેલો હિજાબ વિવાદ બીજા રાજયો સુધી પણ પહોંચી ગયો છે અને હવે સીએમ યોગી આદિત્યનાથે તેના પર નિવેદન આપતા કહ્યુ છે કે, કોઈ બાળકી પોતાની મરજીથી હિજાબ



નથી પહેરતી.

ભગવા વસ્ત્રો પરના સવાલ પર તેમણે કહ્યુહ તુ કે, હું મારા ભગવા કપડા બીજા પર થોપતો નથી. એક ન્યૂઝ ચેનલના ઈન્ટરવ્યૂમાં સીએમ યોગીએ કહ્યુ હતુ કે, જે લોકો તાલિબાન રાજ લાવવાના સપના જોઈ રહ્યા છે અને અડધી વસતીને તેના અધિકારોથી વંચિત રાખવા માંગે છે તો મારે કહેવુ પડે છે કે, ગઝવા એ હિન્દનુ સપનુ પુરુ નહીં થાય.

સીએમ યોગીએ કહ્યુ હતુ કે, કોઈ બાળકી પોતાની મરજીથી હિજાબ નથી પહેરતી, શું તમને લાગે છે કે મુસ્લિમ મહિલાઓ ત્રિપલ તલાકને પોતાની મરજીથી સ્વીકારી લે છે..તમે એ મહિલાઓને પૂછો તો ખબર પડશે.મેં તો તેમને આંસુ જોયેલા છે.

તેમણે કહ્યુ હતુ કે, હું મારા મરજીથી ભગવા કપડા પહેરુ છું પણ મારા કાર્યાલયના કર્મચારીઓને પણ આવા કપડા પહેરવા માટે બળજબરી નથી કરતો.હું કાર્યાલય કે પાર્ટીમાં બીજાને ના કહી શકું કે તમારે પણ ભગવા કપડા પહેરીને આવવુ પડશે.સ્વતંત્રતા બધાને છે પણ સાથે સાથે સંસ્થામાં શિસ્તનુ પાલન થાય તેનુ પણ ધ્યાન રાખવુ પડશે.યોગીએ દાવો કર્યો હતો કે, જે ૫૮ બેઠકો પર પહેલા તબક્કામાં ચૂંટણી થઈ ત્યાં ૪૦થી ૫૦ બેઠકો ભાજપ જીતશે.અમે આ વખતે પણ ૩૦૦ કરતા વધારે બેઠકો પર જીતીશું.

**Indian Coal at Subsidised Rates is available for sale in the State of Gujarat.**

MSME Industries interested in procuring coal from Western Coalfields Limited & South Eastern Coalfields Limited Subsidiaries of Coal India may contact :

**South Gujarat Federation of Industries**
Email : sgfi2021@gmail.com

**The Gujarat Coal Coke Traders & Consumers Association**
Email : gcctca@gmail.com

**Kathiawad Coal & Coke Consumers & Traders Association**
Email : kathicoal@gmail.com

